21મીએ સેન્ટ્રલ ઝોનના કેટલાક વિસ્તારમાં પાણીકાપ, ચાર લાખ વસતીને અસર થશે

સુરતઃ વરાછા મેઈન રોડ સેન્ટ્રલવેર હાઉસ પાસે આવેલા વરાછા તથા સેન્ટ્રલ ઝોનને પાણી પુરવઠો પૂરો પાડતી લાઈનના લીકેજ રિપેરિંગની કામગીરી તથા વરાછા મેઈન રોડ માનગઢ ચોક પાસે ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કમાં મુકવામાં આવેલા વાલ્વને બદલવાની અગત્યની કામગીરી તા.20મી એ કરવામાં આવશે. જેને લઈ તા.21મી એ સેન્ટ્રલ ઝોનના અમુક વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે તેમ જણાવાયું છે. આ રિપેરિંગની કામગીરી તા.20 મી એ રાત્રે શરૂ થશે અને તા.21 મી સુધી ચાલશે. તા. 21મી એ સેન્ટ્રલ ઝોનમાં રાજમાર્ગથી દક્ષિણ તરફનો તમામ વિસ્તાર (બેગમપુરા, સલાબતપુરા, ગોપીપુરા, સગરામપુરા, નાનપુરા, રૂદરપુરા, સોની ફળિયા અને તેની આજુબાજુનો સમગ્ર વિસ્તાર), રેલ્વે સ્ટેશન, સુમુલ ડેરી વિસ્તારોમાં પાણી પુરવઠો બંધ રહેશે. સેન્ટ્રલ ઝોનમાં 4 લાખ વસતીને તેની સીધી અસર થશે.

વચેટિયાને છેતરવા જતાં કરોડોના સોનાની સેટિંગબાજી બહાર આવી હોવાની ચર્ચા

કરોડોનું સોનું એરપોર્ટ પાસેથી પકડ્યા બાદ તેને છટકાવનાર પીઆઈને ઘરે બેસાડવા ચક્રો ગતિમાન

કરોડોનું સોનું છટકાવનાર ઉચ્ચ અધિકારી પણ વરૂણીમાં

સૌરાષ્ટ્રવાસી સ્મગલરને વચેટિયાનાં નાણાં ખાઈ જવાનું ભારે પડ્યું

સુરતઃ એરપોર્ટ પરથી કરોડોનો માલ પોલીસે પકડ્યા બાદ તેને છોડીને જે રીતે સેટિંગબાજી કરવાની ચર્ચા છે, તેમાં હાલમાં તો પીઆઈને પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે પ્યોર સુરતી સંભળાવી હોવાની વિગત ચર્ચાઈ રહી છે. મોડી રાત્રે વિવાદીત પીઆઈનો બદલીનો ઓર્ડર નીકળતાં પોલીસ બેડા સહિત આ મામલો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. દરમિયાન ટેબલ નીચે જે વ્યવહારો થયા છે તેની તમામ વિગતો ઓડિયો અને વિડીયો રેકોર્ડિંગ હોવાની ચર્ચા છે. આ બાબતને કોઈ સમર્થન નથી, પરંતુ પુરાવા જડબેસલાક હોવાને કારણે જ તા.17ની મધ્ય રાત્રિએ પીઆઈના ઓર્ડર કાઢવામાં આવ્યા હોવાની ચર્ચા છે.

હાલમાં તો આ મામલો તપાસના ચક્રાવાતે છે, પરંતુ પોલીસ કમિશનર ગેહલોત કોઈને છોડવાના મૂડમાં નથી. આ આખી સેટિંગબાજીમાં કરોડો રૂપિયાનું સોનું સુરતમાં લોન્ચિંગ કરીને ફિલ્મી સ્ટાઈલથી રોકડી કરનારા અન્ય એક ઉચ્ચ અધિકારી પણ હવે સાણસામાં છે.

મારો માણસ છે, જોઈ લેજો, વ્યવહાર તો થઈ જશે

મારો માણસ છે, તમે છોડી દો, પચાસ લાખ રૂપિયા મળી જશે, તેમ કહેનાર અન્ય એક ઉચ્ચ અધિકારી જે પોતાને જાતે ઇમાનદારીનું સર્ટિફિકેટ આપતા હોય છે, હવે તે સાણસામાં છે. આ મામલો ગાંધીનગર પહોંચ્યો છે. ત્યારે આ ઉચ્ચ અધિકારીની સામે પણ હવે આકરી કાર્યવાહીની તલવાર તોળાઇ રહી હોવાની ચર્ચા છે. આ આખો મામલો આ મહોદય અધિકારી નાણાંના જોરે દબાવી દેવા માંગતા હતા. પરંતુ આ મામલે વચેટિયાને નાણાં નહીં મળતાં આખો મામલો બહાર આવ્યો છે.

વચેટિયાને નાણાં નહીં આપવાનું સ્મગલર વેપારીને ભારે પડ્યું

આ આખા કાંડમાં જે મધ્યસ્થ વ્યક્તિ પોલીસ સાથે વાતચીત કરી તથા વ્યવહારની વાત કરી તેજ વ્યક્તિને ફદિયું પણ અપાયું ન હતું. આ નાણાં નહીં મળવાની સંભાવના હોવાને કારણે પહેલેથી જ વિડીયો અને ઓડિયો રેકોર્ડિંગ આ વચેટિયાએ કરી રાખ્યું હતું. દરમિયાન જેવું સ્મગલિંગ કરનારા વેપારીએ નાલાયકી કરતાં તેણે ત્વરિત તમામ પુરાવા ગાંધીનગર ખાતે અને સુરત સીપીને આપી દીધા હોવાની ચર્ચા છે. આમ, સામાન્ય વ્યક્તિની અવહેલના કરવાના ચક્કરમાં હાલમાં તો એક પીઆઇ નવરા થઇ ગયા છે. જ્યારે હવે એક ઉચ્ચ અધિકારી પણ નવરા થવાની તૈયારીમાં હોવાની ચર્ચા છે.

ઉમરા પીઆઈ કે.વી.પટેલની મધરાતે બદલીથી અનેક તર્કવિતર્ક

ઉત્રાણના પીઆઈ એમ.ઝેડ.પટેલની ટ્રાફિકમાં બદલી અને તેમના સ્થાને લીવ રિઝર્વના પીઆઇ ડી.યુ.બારડને મૂકવામાં આવ્યા

સુરતઃ પો.કમી. ગેહલોત દ્વારા અચાનક ઉમરા પીઆઇ કે.વી. પટેલની મધરાત્રે બદલી કરાતાં અનેક તર્કવિતર્ક ઊભા થયા છે. ઓર્ડરમાં એકસાથે 2 પોલીસ ઇન્સ્પેક્ટરની બદલી કરી દેવામાં આવી છે. બદલી પાછળ વહીવટી કારણ જણાવવામાં આવી રહ્યું છે. ઉત્રાણના પીઆઇ એમ.ઝેડ. પટેલની ટ્રાફિકમાં બદલી અને તેમના સ્થાને લીવ રિઝર્વના પીઆઇ ડી.યુ.બારડને મૂકવામાં આવ્યા છે.હાલ ઉમરાનો ચાર્જ સેકન્ડ પીઆઈને સોંપવામાં આવ્યો છે.

ધ્યાનાકર્ષક હસ્તકળાની ચીજવસ્તુના ટ્રાઈબલ મેળાનો અડાજણમાં પ્રારંભ

(તસવીર : સતીષ જાદવ)

■ આપણે કમ્પ્યુટર અને ઉચ્ચ ટેક્નોલોજીથી પણ વધુ આગળ AIના જનરેશનમાં પહોંચી ચૂક્યા છે. જો કે હજુ પણ આપણું ધ્યાન આદિવાસીઓ, તેમની રહેણી કરણી અને તેમની કળા-કારીગરી ખેંચી રહ્યા છે. અડાજણના એસએમસી પાર્ટી પ્લોટ ખાતે ટ્રાઈબલ હસ્તકળા મેળાનો પ્રારંભ થઈ ગયો છે, જેમાં આદિવાસી કારીગરોએ હાથથી બનાવેલી ચીજ-વસ્તુઓ નયનાકર્ષક બની છે.

બળાત્કારના કેસમાં ઘોડદોડ રોડના અશદ વિરાણીને 20 વર્ષની કેદ

હોટલમાં જઈ શરીર સંબંધ બાંધી શકાય એ માટે સગીર વિદ્યાર્થિનીનું ડુપ્લિકેટ આધારકાર્ડ પણ બનાવ્યું હતું

હોટલમાં સગવડ કરી આપનાર પ્રવીણ ચૌધરી અને રુદ્ર પટેલને શંકાનો લાભ આપી છોડી મુકાયા

સુરતઃ વેસુની વિદ્યાર્થિનીને પ્રેમજાળમાં ફસાવી બળાત્કાર કરનાર ઘોડદોડ રોડના 19 વર્ષીય આરોપીને કોર્ટે 20 વર્ષની સજા ફટકારી હતી. સગીરા હોવા છતાં આરોપીએ તેનું ડુપ્લિકેટ આધારકાર્ડ બનાવી અલગ-અલગ જગ્યાએ લઈ જઈ બળાત્કાર કર્યો હતો.

વેસુ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ઘોડદોડ રોડ લવલી પાર્ક સોસાયટીમાં 19 વર્ષીય આરોપી અશદ અલ્તાફ વિરાણી રહે છે. તેણે વેસુ સિદ્ધિ વિનાયક મંદિર પાસે રહેતી અને અંગ્રેજી માધ્યમમાં ભણતી સગીર વિદ્યાર્થિનીને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ વિદ્યાર્થિની સગીરા હોવા છતાં આરોપીએ તેના નામનું ડુપ્લિકેટ આધારકાર્ડ બનાવ્યું હતું અને અલગ-અલગ હોટલમાં લઈ જઈને એક કરતા વધારે વાર તેણી સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. તેમજ આરોપીને પ્રવિણ નેત્રપાલસિંગ ચૌધરી અને રુદ્ર ચંદ્રેશ પટેલ નામના બે મિત્રો હોટલના રૂમમાં રોકાવવાની સગવડ કરી આપવામાં મદદ કરતા હતા. દરમિયાન એક દિવસ સગીરાની માતાએ આરોપી અને પુત્રીના ન્યૂડ ફોટો વિદ્યાર્થિનીના મોબાઈલ ફોનમાં જોઈ લેતા આરોપી વિરુદ્ધ વેસુ પોલીસ મથકમાં પોસ્કો સહિતની કલમ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી.

આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. સરકાર તરફે વકીલ દિપેશ દવે દલીલો કરી હતી. આ કેસ ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ રહ્યો હતો. કોર્ટે અશદ વિરાણીને કસૂરવાર ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા અને 1 લાખ રૂપિયાનો દંડ કર્યો હતો. જ્યારે આરોપીને મદદગારી કરનાર તેના બે મિત્રો સામે ગુનો પુરવાર ન થતા કોર્ટે તેઓને શંકાનો લાભ આપી છોડી મૂક્યા હતા.

પાણીનાં બાકી બિલો તેમજ વ્યાજ, નોટિસ ફી, પેનલ્ટી સહિત સંપૂર્ણ માફ કરવા વિપક્ષ નેતાની માંગ

મનપાના બજેટમાં સમાવવા વિપક્ષ દ્વારા થોકબંધ માંગણીઓ મોકલાઈ

સુરત : મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૪-૨૫ ના 'સુધારેલા અંદાજપત્ર તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ સ્થાયી સમિતિને વિવિધ સૂચનો અને રજૂઆત કરી હતી. વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ સુરત મહાનગરપાલિકાના વિવિધ કામોનો બજેટમાં સમાવેશ કરી લોકોની પ્રાથમિક તેમજ સંલગ્ન સુવિધાઓ પૂરી પાડવા અને રજૂઆત અંતર્ગત સદર કામો હાથ ધરવા, આગામી બજેટમાં સમાવેશ કરવા, તે અંગે જરૂરી ખર્ચની રકમના અંદાજો મંજૂર કરવા પ્રજાહિતમાં માંગણી કરી હતી.

વિપક્ષી નેતાએ કરેલી માંગણીઓમાં મનપાની હોસ્પિટલોમાં સોનોગ્રાફી મશીનો મુકવા, વેલંજા- મોટાવરાછા વિસ્તારની આજુબાજુની જગ્યામાં સ્મીમેર હોસ્પિટલ જેવી નવી હોસ્પિટલ બનાવવા, શિક્ષણનું સ્તર ઊંચું લાવવા, વિવિધ ઝોનમાં સમાવિષ્ટ વિસ્તાર, દરેક વોર્ડમાં વાંચનાલયો, પાણીના મીટરો મૂકીને પાણી પુરવઠો પૂરો પાડવા બદલ મસમોટા અને અસહ્ય બિલો ફટકારવામાં આવ્યા છે જેથી તેમને પાણી પુરવઠો પૂરો પાડવા પાલિકા દ્વારા બેવડા ધોરણો અને બેવડા વેરાથી અન્યાય થતો હોય તમામ હયાત પાણીના બાકી સહિતના તમામ બિલો વ્યાજ, નોટિસ ફી, પેનલ્ટી સહિત સંપૂર્ણ માફ કરવા તેમજ મનપા સંચાલિત બસોમાં મહિલાઓ તથા વિદ્યાર્થીઓ તથા સિનિયર સિટીઝન્સને વિનામૂલ્યે મુસાફરીની સુવિધા પૂરી પાડવાનું આયોજન હાથ ધરવા આગામી બજેટમાં સમાવેશ કરવા સૂચન કર્યું હતું.

રમઝાનને લઈ ભાગળ ખાતે પોલીસ બંદોબસ્ત વચ્ચે મોટાપાયે દબાણો દૂર કરાયાં

કતારગામ ઝોનમાં પણ રસ્તા બડા ગણેશ, પારસ માર્કેટ સહિતની જગ્યાએ દબાણો હટાવાયાં

સુરતઃ રાજમાર્ગથી ભાગળ અને આસપાસના વિસ્તારમાં દબાણોની સમસ્યા વર્ષો જૂની છે. હાલમાં રમજાનના તહેવારને પગલે આ વિસ્તારોમાં રસ્તા પર દબાણોનું ન્યૂસન્સ વધી ગયું હતું. સ્થાનિકો દ્વારા પણ છાશવારે આ અંગે ફરિયાદો કરવામાં આવતાં ગઈ કાલે અઠવા અને ચોક બજાર પોલીસના કાફલા સાથે સેન્ટ્રલ ઝોન દ્વારા ભાગળ અને આસપાસના વિસ્તારોમાં મોટા પાયે દબાણ હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કતારગામ ઝોન દ્વારા દબાણો હટાવી રસ્તા ખુલ્લા કરવાની કામગીરી કરવામાં આવી હતી, જેમાં કતારગામમાં વિરામનગર પ્રાથમિક શાળા, વેડ રોડ તેમજ પારસ વોર્ડ ઓફિસ પાસે જાહેર રસ્તા પર શાકભાજીના ફેરિયાઓના દબાણનું ન્યૂસન્સ હોય મનપા દ્વારા દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. તેમજ દબાણો હટાવી જાહેર રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.

ઉત્રાણના હીરા દલાલનો રહસ્યમય સંજોગોમાં આપઘાત

સુરતઃ ઉત્રાણ ખાતે રહેતા હીરા દલાલે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગરના સિહોર તાલુકાના ભુતિયા ગામના વતની અને હાલ ઉત્રાણમાં શાલીગ્રામ સ્ટેટ્સમાં રહેતા 46 વર્ષીય શૈલેષ વલ્લભ મેંદપરા હીરાની દલાલી કરતા હતા. તેમણે ગઈકાલે વરાછા દુખિયાના દરબાર રોડ નજીક ખુલ્લા મેદાનમાં ઝેરી દવા પી લીધી હતી. તેઓ ઘરે પરત નહીં આવતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી અને તેઓને કોલ કર્યો હતો. દરમિયાન દુખિયાના દરબાર રોડ નજીકથી પસાર થતા રાહદારીએ શૈલેષના મોબાઈલ ફોનમાં આવતા કોલ ઉપાડતા પરિવારજનોનો સંપર્ક થયો અને સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. જેથી પરિવારજનોએ તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બાંધકામ તોડાવવાની ધમકી આપી 10 હજારનો તોડ કરનારા કથિત પત્રકારની આગોતરા કોર્ટે ફગાવી

બાંધકામ ગેરકાયદે હોવાનું કહી, સત્ય ડે ન્યૂઝ પેપરમાં ખોટા સમાચાર છાપી 50 હજાર માંગ્યા હતા

સુરતઃ ગેરકાયદે રીતે બાંધેલી મિલકત સામે ફરિયાદીને દમ મારીને બાંધકામ તોડાવી નાંખવાની ધમકી આપી રૂપિયા પડાવનાર સત્ય ડે ન્યૂઝ પેપરના કથિત પત્રકારની આગોતરા જામીનઅરજી કોર્ટે નામંજૂર કરી છે.

કેસની વિગત એવી છે કે, સગરામપુરા સિંધીવાડ પાનવાલા એપાર્ટમેન્ટમાં રહેતો શેખ આફતાબ આલમ કમરુદ્દીન સત્ય ડે નામનું ન્યૂઝ પેપર ચલાવતો હતો. 2021માં ફરિયાદીએ મહિધરપુરા પોલીસની હદ વિસ્તારમાં હોટલનું બાંધકામ શરૂ કર્યું હતું. દરમિયાન સપ્ટેમ્બર-2024માં કથિત પત્રકાર શેખ આફતાબે આ બાંધકામ ગેરકાયદે હોવાનું જણાવી સુરત મહાનગર પાલિકામાં RTI કરી હતી. બાદમાં બાંધકામ નહીં તોડાવવા માટે ફરિયાદી પાસેથી 50 હજાર રૂપિયાની માંગણી કરી ખોટી હકીકતો ન્યૂઝ પેપરમાં છાપી ફરિયાદીને બદનામ કરી 10 હજાર રૂપિયા પડાવી લીધા હતા.

જે અંગે ફરિયાદીએ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ફરિયાદ કરી હતી. જેથી પોલીસ પકડથી બચવા માટે કથિત પત્રકાર શેખ આફતાબે આગોતરા જામીનઅરજી કોર્ટમાં મૂકી હતી, જે કોર્ટે નામંજૂર કરી દીધી છે. સરકાર તરફે એપીપી જે.એન પારડીવાલા હાજર રહ્યા હતા.

કતારગામ જેરામ મોરારની વાડીમાં 97 મિલકતના ગેરકાયદે ડ્રેનેજ જોડાણ સીલ

સુરતઃ પાલિકા દ્વારા ડ્રેનેજ લાઈનમાં પણ જોડાણ કરાયેલા ગેરકાયદે કનેક્શનનો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. કતારગામ ઝોનમાં મોરારજીની વાડી ખાતે આજે કુલ 97 મિલકતના ગેરકાયદે જોડાણ સીલ કરી દીધા છે.

છાપરાભાઠા ખાતે બનેલી કેદાર દુર્ઘટના બાદ મનપા દરેક ઝોનમાં સ્ટ્રોમ ડ્રેનેજ લાઈનમાં જોડાણો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે હવે પાલિકા દ્વારા ડ્રેનેજ લાઈનમાં ગેરકાયદે જોડાણો સામે પણ કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે. આજે કતારગામ ઝોન દ્વારા ડ્રેનેજ લાઈનમાં ગેરકાયદે જોડાણ કરનારા તત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. કતારગામ ઝોનમાં જેરામ મોરારની વાડી સોસાયટીમાં 97 જેટલી મિલકતના અને યુનિટમાં ગેરકાયદે ડ્રેનેજ જોડાણ સીલ કરી દેવામાં આવ્યા છે.

સ્મીમેરમાં અન્ય યુનિટના દર્દી હોવાથી આંખની સારવાર નહીં અપાતા હોબાળો

અન્ય તબીબ સારવાર આપવા તૈયાર હતાં પરંતુ પરિવારે ત્યાં જ સારવાર કરવાની જીદ પકડી હતી : સ્મીમેરના અધિકારી

સુરતઃ સ્મીમેર હોસ્પિટલમાં આંખ વિભાગના તબીબની માનવતા મરી પરવારી હોય એવો કિસ્સો સામે આવ્યો છે. ડિંડોલીના 75 વર્ષના વૃદ્ધને આંખે ઓછું દેખાવા સહિતની તકલીફ હોવાથી તેઓ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલના આંખ વિભાગમાં આવ્યા હતા. જોકે દર્દીને સારવાર આપવા માટે તેમના પરિવારે તબીબને ખૂબ જ આજીજી કરી હતી. પણ ત્યાં મહિલા તબીબે અમારા યુનિટનું દર્દી નહીં હોવાથી સારવાર આપવાની ના પાડતા હોવાના આક્ષેપો સાથે હોબાળો થયો હતો.

ડિંડોલી નવાગામ ખાતે ગોકુલધામ સોસાયટીમાં રહેતા 75 વર્ષીય સુભાષ બલરામ પાટીલને થોડા દિવસ પહેલા આંખમાં તકલીફ થતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં આંખ વિભાગની ઓપીડીમાં લાવ્યા હતા. ત્યાં તેમને 12 માર્ચના રોજ મોતિયાનું ઓપરેશન કરવાનું તબીબે જણાવ્યું હતું. જેથી તેમને 12 માર્ચના રોજ ઓપરેશન થિયેટરમાં લઈ ગયા હતા. ત્યાં તેમને અચાનક ગભરામણ થઈ જતા ઓપરેશન કેન્સલ કરી તેમને ઘરે મોકલી અપાયા હતાં. ત્યારબાદ સોમવારે સુભાષભાઈને સારવાર માટે ફરી સ્મીમેરમાં આંખ વિભાગમાં આવ્યા હતા. પણ મહિલા તબીબે સારવાર આપવાની ના પાડી હોવાનો આક્ષેપ તેમના પરિવારના સભ્યોએ કર્યો હતો. સારવાર આપી ન હોવાથી સુભાષભાઈના પરિવારજનો આરએમઓને રજૂઆત કરી હતી. અંતે આંખ વિભાગના અન્ય તબીબે તેમને સારવાર આપતા મામલો થાળે પડ્યો હતો. જોકે, સ્મીમેરમાં સિનિયર સિટીઝનની આવી હાલત છે તો અન્ય દર્દી ની કેવી હાલત હશે? એવું પણ ચર્ચાઈ રહ્યું હતું.

સ્મીમેરના અધિકારીએ કહ્યું કે, આંખ વિભાગના તબીબે કહ્યું તે મારા યુનિટના તબીબ ઉપરના માળે હાજર છે. તે તબીબ સાથે વાતચીત થઇ ગઇ છે કે, તેમને તપાસ કરીને સારવાર આપશે. પણ તેઓ કહેતા કે તમે કેમ સારવાર નહીં આપો, બાદમાં ત્યાં હાજર અન્ય તબીબે તેને સારવાર આપવા તૈયાર હતા.

સંક્ષિપ્ત સમાચાર

પંજાબ નેશનલ બેંક મેનેજમેન્ટની નીતિઓ સામે વિરોધ

સુરતઃ ઓલ ઇન્ડિયા પંજાબ નેશનલ બેંક ઓફિસર્સ ઓર્ગેનાઇઝેશન સુરત વિભાગના એકમ દ્વારા આજે પંજાબ નેશનલ બેંક ડિવિઝનલ ઓફિસ સુરત પરિસર ખાતે બેંક મેનેજમેન્ટની ખોટી નીતિઓ અને મેનેજમેન્ટ દ્વારા લેવાયેલા એક તરફી નિર્ણયો સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ડેપ્યુટી જનરલ સેક્રેટરી અમિત રાય, પ્રમુખ મહેન્દ્ર અને મહિલા સાથીઓ સહિત અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. અમિત રાયે કહ્યું કે ઓલ ઇન્ડિયા પંજાબ નેશનલ બેંક ઓફિસર્સ એસોસિએશન (એ.આઈ.પી.એન.બી.ઓ.એ.) એ પંજાબ નેશનલ બેંક મેનેજમેન્ટ દ્વારા અધિકારીઓ માટે લાવવામાં આવેલી નવી ટ્રાન્સફર પોલિસીને સંપૂર્ણપણે ફગાવી દીધી છે. એ.આઈ.પી.એન.બી.ઓ.એ. 7 માર્ચ 2025 થી આ નીતિ વિરુદ્ધ દેશવ્યાપી ચળવળ શરૂ કરી છે.

વિમલા દેવી સાબુને અભિનેત્રી મહિમા ચૌધરીના હસ્તે સન્માનિત કરાયાં

સુરતઃ મહિલા સશક્તિકરણના ક્ષેત્રમાં મહત્વનું સામાજિક યોગદાન આપનાર સુરત મહેશ્વરી સમાજના અગ્રણી વિમલા દેવી સાબુને બોલીવુડ અભિનેત્રી મહિમા ચૌધરીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને સ્વરોજગાર તરફ વળવા માટે સુરત મહેશ્વરી સમાજના વિમલા દેવી સાબુને તેમની જીવનની સામાજિક સેવા માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

પંચમ્ ગ્રુપ દ્વારા ફિલ્મી ગીતોની સ્પર્ધા

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ દ્વારા ૧૬ માર્ચે સ્વરાંગન સ્ટુડિયોમાં સંગીતકાર ઓ.પી.નૈયર અને સંગીતકાર મદન મોહનનાં ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ યોજાયો હતો. શ્રેષ્ઠ ગાયકો એડ્વોકેટ વસંત રાઠોડ, જયસુખ શુક્લ, કલ્પના શુક્લ, હરીશ શાહ, અંજુ ભૈદ્ય, તિતિક્ષા આગલે, સુરેન્દ્ર મહિડા, વિભા પટેલ, ચંદ્રેશ મેહતા, મુકેશ સાલી અને અન્ય ગાયકો મળી કુલ ૩૨ વિજેતાને પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. પારિતોષિકની વ્યવસ્થા જાના સ્મોલ ફાઇનાન્સ બેંકે કરી હતી. નિર્ણાયક તરીકે દિવ્યાંગ ત્રિવેદીએ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન મિત્રેશ અગ્નિહોત્રીએ કર્યું હતું.

શ્રી બાલ હનુમાન મંદિર ટ્રસ્ટ તથા શ્રી માર્કંડેય પદમશાળી સમાજ દ્વારા મહા રક્તદાન શિબિર યોજાશે

સુરતઃ શ્રી બાલ હનુમાન મંદિર ટ્રસ્ટ તથા શ્રી માર્કંડેય પદમશાળી સમાજ મીઠીખાડી સુરત દ્વારા આગામી તા.23મી માર્ચ રવિવારે સવારે 9:00 કલાકે મહા રક્તદાન શિબિર અને પ્રેક્ટિકલ CPR તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરનો હેતુ જરૂરીયાતમંદ દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ કરાવવો તથા ભાગ લેનાર વ્યક્તિઓને CPR (કાર્ડિયો-પલ્મનરી પુનર્જીવન) તાલીમ દ્વારા આપાતકાલીન જીવન બચાવવાની કુશળતા પ્રદાન કરવવા માટે યોજવામાં આવી છે. ટ્રસ્ટ દ્વારા જાહેર જનતાને પણ શિબિરમાં ભાગ લેવાની અપિલ કરવામાં આવી છે.

અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ કહેવાય: પૂ. પદ્મદર્શનવિજયજી

વાલવોડતીર્થ શ્રી ચંદ્રમાણી તીર્થ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ વાલવોડ ખાતે પૂ. પદ્મદર્શનવિજયજી મહારાજે અમૃતવાણી વહાવતાં કહ્યું હતું કે, તમારી ઉપર શાસન કરી શકે તેને શિક્ષક કહેવાય અને અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ કહેવાય. અત્યારે શિક્ષક અને ગુરુ શબ્દની ભેળસેળ ખૂબ થાય છે. આપણા ત્યાં ગુરુ, શિક્ષક, વિદ્વાન અને સંત જેવા શબ્દો તો રીતસર હોલસેલના ભાવમાં વપરાય છે. "હું શિક્ષક છું, વિદ્વાન છું કે સંત છું " જેવા વિશેષણો જાતે લગાડીએ તે બરાબર નથી. જીવનમાં ઘણી વાતો શીખવી શકાતી નથી, સહજ રીતે પ્રાગટ્ય થાય છે. જીવનમાં સૌથી મોટી જરૂર આપણા માંહ્યલાને કુદરતે આપેલી વિશેષતા અંગે જાગવા કે જગાડવાની હોય છે. કોઈ વ્યક્તિની વાત તમારા હૈયાંને ટકોરા મારે, તમારી- આંખો આડેનાં પડળ દૂર થાય તો એ ગુરુ કહેવાય.

શ્રીમાધોપુર પરિષદ દ્વારા હોળી સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરાયું

સુરતઃ શ્રીમાધોપુર પરિષદ સુરત દ્વારા ગત રવિવારે ડી-વિલા ગાર્ડન રેસ્ટોરન્ટ, હજીરા રોડ પાલ ખાતે હોળીનાં સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઘણા સાંસ્કૃતિક કાર્યક્રમો, હાઉસી, રમત ગમત સ્પર્ધા અને લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, પરિષદ દ્વારા ઉપસ્થિત દરેક દરેક સભ્યો માટે અલ્પઆહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં બધા સભ્યો ફૂલોથી હોળી રમ્યા હતાં અને એકબીજાને હોળીની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

યુગપ્રધાન જૈન ટ્રસ્ટ દ્વારા ગોપીપુરા, સુભાષચોકમાં નિઃશુલ્ક છાશ કેન્દ્રનો પ્રારંભ કરાયો

સુરત : યુગપ્રધાન આચાર્ય પન્યાસ ચંદ્રશેખર વિજયજી મહારાજ પ્રેરિત યુગપ્રધાન જૈન ટ્રસ્ટ (સંસ્કૃતિ ભવન), ગોપીપુરા, સુભાષ ચોક, સુરત ખાતે છેલ્લા આઠ વર્ષથી ઉનાળાની ગરમીમાં ત્રણ મહિના માટે નિઃશુલ્ક છાશ કેન્દ્ર ચલાવવામાં આવે છે. જેનો આ વર્ષે પણ પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુરુભગવંતોની નિશ્રામાં ડો. જીતુભાઈ શાહ, અન્ય દાનવીરો, મહેમાનોની હાજરીમાં સવારે ૧૧:૩૦ કલાકે ઉદ્ઘાટન કરીને રોજ બપોરે ૧૨. કલાકેથી રસ્તે ચાલતા વ્યક્તિઓ જેમાં બાળકો, કામદારો, મજૂરો તથા રાહદારીઓ, માનવ આ કેન્દ્રમાં છાશનો લાભ લઇ શકે છે. સાથે શીરપુર મુકામે પણ છાશ કેન્દ્રની શરૂઆત થશે. ત્રણ મહિના દરમિયાન ૧,૦૦,૦૦૦ લોકો આ કેન્દ્રમાં છાશ પીને ઠંડકનો અનુભવ કરી શકશે.

પારસી જરથોસ્તી ખુશાલીનું જમણ

ટ્રસ્ટ મેનેજમેન્ટ ઓફિસ સુરત તરફથી મ. માણેક અને મ. રતન નોશીર ગેઆરા ઉત્સવ ઉજવણી સમિતિ તરફથી ખુશાલીનું જમણ તા.૨૧-૩-૨૦૨૫, શુક્રવાર, સમસ્ત પારસી જરથોસ્તી સમાજને માટે રાત્રે ૭.૩૦થી ૧૦ કદીમ આતશબહેરામ સાહેબ-સુરત ખાતે થશે. આમંત્રણ પત્રિકા તા.૨૦ની સાંજ પહેલા મેળવી લેશોજી. સ્થળ પર કોઈપણ સંજોગે આમંત્રણ પત્રિકા આપવામાં આવશે નહીં.